For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**સુરતના ચુંટાયેલા પ્રતિનિધિઓનું દિલ્હી દરબારમાં કંઈ ઉપજતું નથી, અન્યાય અટકતો જ નથી!**

# વિન્ટરમાં સુરત - દુબઈ સહિત 4 ફ્લાઈટ રદ

**ઈન્ડિગો** સુરત દુબઇની ફ્લાઇટ બંધ કરી એનો ઉપયોગ બેંગલુરુ-દુબઈ અને ચેન્નાઈ-દુબઈ રૂટ પર દૈનિક "Stretch" ફ્લાઇટ વધારવા માટે કરાશે

**સુરત** - દીવ, સુરત - ચેન્નાઈ અને સુરત - પુણે ફ્લાઈટ ડોમેસ્ટિક ફ્લાઇટ પણ ઝૂંટવાઈ જશે

સુરતઃ ઈન્ડિગો એ 27 ઓક્ટોબરથી શરૂ થતા વિન્ટર શિડ્યુલમાં સુરત - દુબઈની સપ્તાહમાં ત્રણ દિવસની સુરત - દુબઈની ઈન્ટરનેશનલ ફ્લાઈટ અને સુરત - દીવ, સુરત - ચેન્નાઈ અને સુરત - પુણે ડોમેસ્ટિક ફ્લાઈટ એમ એક સાથે 4 ફ્લાઈટ રદ કરી છે. 25 ઓક્ટોબરથી આ 4 સ્ટેશનનું ટિકિટ બુકિંગ બંધ કરી દીધું છે. તાજેતરમાં કેન્દ્રીય જળ શક્તિમંત્રી સીઆર.પાટીલના નેતૃત્વમાં સુરત, બારડોલીના સાંસદ, ઉદ્યોગ સંગઠનો,વિવિધ સેક્ટરના ઉદ્યોગકારોનું પ્રતિનિધિ મંડળ સુરત એરપોર્ટથી ડોમેસ્ટિક અને

...અનુસંધાન પાના 13 પર










### માર્ચમાં બંધ, જુલાઈમાં ફરી શરૂ થઈ, હવે ફરી બંધ




સુરત-દુબઈ રૂટ માટે ઈન્ડિગોનો આ નિર્ણય અગાઉના ઘટનાક્રમની પૃષ્ઠભૂમિમાં મહત્વનો છે. મધ્ય-પૂર્વમાં વધેલા તણાવ અને ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ દરમિયાન એરલાઈન્સે માર્ચમાં મધ્ય-પૂર્વની અનેક સેવાઓમાં ફેરફાર કર્યા હતા. એરસ્પેસ પ્રતિબંધો, એરપોર્ટ સંબંધિત અડચણો, ઇંધણ અને વીમા ખર્ચ સહિતના પરિબળોને ધ્યાનમાં રાખીને એરલાઈન્સે પોતાની આંતરરાષ્ટ્રીય ક્ષમતામાં ફેરફાર કર્યો હતો. તે સમયગાળા દરમિયાન સુરત-દુબઈ સેવા પણ બંધ થઈ હતી. ત્યારબાદ આશરે જુલાઈના મધ્યમાં ઈન્ડિગોએ

...અનુસંધાન પાના 13 પર

### એર ઈન્ડિયા એક્સપ્રેસ પર હવે વધુ આધાર

ઈન્ડિગોની સેવા વિન્ટર શેડ્યૂલમાંથી દૂર થાય તો સુરત-દુબઈ નોન-સ્ટોપ કનેક્ટિવિટીમાં એર ઈન્ડિયા એક્સપ્રેસની ભૂમિકા વધુ મહત્વની બની જશે. હાલ એર ઈન્ડિયા એક્સપ્રેસ પણ સુરતથી દુબઈ માટે સીધી સેવા આપી રહી છે. શક્યતા એવી છે કે, ઈન્ડિગોની સુરત દુબઇ ફ્લાઇટ બંધ થતા એર ઈન્ડિયા એક્સપ્રેસ વિકમાં 4 દિવસની દુબઇ -

...અનુસંધાન પાના 13 પર

**સુરતીઓએ અસલી 'સુરતીપણું' બતાવ્યું, મોંઘી ટિકિટો પહેલાંજ બૂક**

# સુરત-ઉદયપુર વંદે ભારતનું બુકિંગ શરૂ થતાં જ ભાઈબીજ સુધી ફુલ

**ચેરકારનું** ભાડું રૂ. 1515 અને એક્ઝિક્યુટિવ ચેરકારનું રૂ. 2720 રહેશે

સુરતઃ સુરતીઓએ હંમેશાં પોતાની આગવી શૈલી, જીવદયા અને તહેવારોની ઉજવણીમાં અનોખો ઉત્સાહ દાખવીને પોતાનું 'સુરતીપણું' સાબિત કર્યું છે. આવતીકાલે તા. 2

...અનુસંધાન પાના 13 પર



### આજે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સુરતથી લીલી ઝંડી બતાવશે

ગુજરાત અને રાજસ્થાન વચ્ચે રેલ કનેક્ટિવિટીને નવી ગતિ મળવા જઈ રહી છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ

...અનુસંધાન પાના 13 પર

# જંગલની 1500 હે.જમીન પર કબજો કરનારાઓના દાવા ફરી ચકાસાશે

2005 પહેલાંના પુરાવા રજૂ કરનારને તક, SDLC કમિટીની વહેલી રચના થાય તો વહેલા કબજાની સ્થિતિ સ્પષ્ટ થશે

સુરતઃ સુરત ફોરેસ્ટ રેન્જના જંગલ વિસ્તારમાં આશરે 1,500 હેક્ટર જમીન પર થયેલા કબજા અને વન અધિકારના દાવાઓના પ્રકરણમાં હવે રાજ્ય સરકાર દ્વારા દાવાઓની ચકાસણી કરવાની દિશામાં કાર્યવાહી કરવામાં આવી શકે છે.



સુરતના વડપાડા ફોરેસ્ટ વિસ્તારમાં જમીન ઉપર કબજો કરીને થયેલા દાવાઓ અગાઉ SDLC અને DLC સ્તરે ચકાસણી બાદ રિજેક્ટ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. આમ છતાં રાજ્ય સરકાર દ્વારા આવા લોકોને એક વધુ તક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે જે દાવેદારો પાસે 2005 પહેલાંના ખેડાણ અથવા

...અનુસંધાન પાના 13 પર

# કમ્પોઝિટ GSTનો ગેરલાભ લેનારી અનેક હોટલો પર DGGIના દરોડા

**કમ્પોઝિટ** ટેક્સમાં ગોટાળાની આશંકા, અનેક બિલ અને દસ્તાવેજો જપ્ત

**રેસ્ટોરન્ટ** સેવા પર ઓછો ટેક્સ ભરીને ITCનો લાભ લીધાનો આક્ષેપ

સુરતઃ કમ્પોઝિટ જીએસટી સ્કીમ હેઠળ ટેક્સ ચોરીની આશંકાને લઈને ડાયરેક્ટોરેટ જનરલ ઓફ GST ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) એ સુરતની અનેક જાણીતી હોટલો અને રેસ્ટોરન્ટ્સ પર એકસાથે દરોડા પાડ્યા છે. બુધવારે સવારથી શરૂ થયેલી આ કાર્યવાહીથી હોટલ ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કેટલીક હોટલો કમ્પોઝિટ જીએસટી સ્કીમનો લાભ લઈને નજીવા દરે ટેક્સ ભરતી હતી, જ્યારે બીજી તરફ નિયમ વિરુદ્ધ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) નો લાભ પણ મેળવતી હોવાની બાતમી ડીજીજીઆઈને મળી હતી. નિયમ મુજબ કમ્પોઝિટ જીએસટી ડીલર આઈટીસી લઈ શકતો નથી અને ગ્રાહક પાસેથી ટેક્સ વસૂલી

...અનુસંધાન પાના 13 પર

**'હવે પતિનો ત્રાસ સહન નથી થતો બાપુજી'**

# પિતાને વિડીયો કોલ કરી દીકરીએ ગળું કાપી નાંખ્યું !

**અંતિમ** શ્વાસ પૂર્વે પિતાને ફોન કરી વિલાપ કર્યો:ગળા અને કાંડા પર તીક્ષ્ણ હથિયારના ઊંડા ઘા

**પતિએ** 'પોતે જ ગળું કાપી લીધું'નું નાટક રચ્યું; ડિંડોલી પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો

સુરતઃ 'પપ્પા, તમે જમાઈને કેટકેટલું સમજાવ્યા, પણ એમનો ત્રાસ તો ચાલુ જ છે...હવે મારાથી આ ત્રાસ સહન નથી થતો...' ગઈ ૨૧મી સપ્ટેમ્બરે સાંજે પોતાના વૃદ્ધ પિતા સામે ફોન પર વિલાપ કરતી વખતે ૩૫ વર્ષીય મમતાના અવાજમાં છુપાયેલી દર્દની ચીસ જો પિતા શ્રવણરામ સમયસર સમજી શક્યા હોત, તો કદાચ આજે એક નિર્દોષ

...અનુસંધાન પાના 13 પર

### આખરી ફોન કોલ અને કરુણ અંજામ

ગઈ ૨૧ સપ્ટેમ્બરના રોજ સવારે મમતાએ પિતાને વીડિયો કોલ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. સાંજે ખેતરેથી પાછા ફરી પિતાએ સામેથી ફોન કર્યો ત્યારે મમતાએ કરૂણ વિલાપ કરી "હવે ત્રાસ સહન નથી થતો" કહી ફોન મૂકી દીધો

...અનુસંધાન પાના 13 પર

### પતિનો બનાવટી ખુલાસો અને પોલીસ ફરિયાદ

દીકરીના અંતિમ સંસ્કાર વતન જાવળા ગામે કર્યા બાદ જ્યારે પિતાએ પૂછપરછ કરી ત્યારે પતિ સોહને "તમારી દીકરીએ મારી સાથે ઝગડો કરી જાતે જ ગળા પર ચપ્પુ મારી દીધું"

...અનુસંધાન પાના 13 પર


























